

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ એપ્રિલ, મંગળવાર...** બ્રહ્મજ્યોતિ પર નિજ મંદિરજીમાં સંધ્યા આરતીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. વિઠ્ઠલભાઈ (વી. એસ.)ના ૮૮મા પ્રાગટ્યદિન અને ૧૦મી પુણ્યતિથિ પ્રસંગે તેઓના જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨-૩ એપ્રિલ, બુધ-ગુરુવાર...** 'અક્ષરમહોલ'માં સંધ્યા આરતી દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી તથા રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૪ એપ્રિલ, શુક્રવાર...** મંદિરજીમાં સાંજે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી. 'ઉપાસના'માં હરિધામ-સોખડાથી પધારેલ પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી ને સંતોનાં સ્વાગત કરી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૫ એપ્રિલ, શનિવાર...** ડૅન્ટલ ટ્રીટમૅન્ટ માટે આણંદમાં ડૉ. સચીબહેન-ડૉ. અરુણભાઈ બત્રાના 'સુદંત ક્લિનિક'માં પધાર્યા. રાજભોગ આરતી બાદ 'અક્ષરમહોલ'માં યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે અમદાવાદમાં શ્રીમતી આનંદીબહેન (ગવર્નરશ્રી, ઉત્તર ભારત)નાં દીકરી અનારબહેન-જયેશભાઈ પટેલના ઘરે પધારી ગોષ્ઠિનો લાભ આપ્યો. એન.જી.ઓ.ની મુલાકાત લઈ સ્થાનિક કર્મચારીઓને આશીર્વાદ આપ્યા.

**૬ એપ્રિલ, રવિવાર...** અનારબહેન-જયેશભાઈ પટેલના ઘરે શ્રી રામનવમી અને શ્રી હરિજયંતી નિમિત્તે ધૂન-પ્રાર્થના કરી. શ્રીમતી આનંદીબહેન સાથે તેઓના વતનના ગામ ખરોડ મુકામે જિર્ણોદ્ધાર થયેલા શ્રી રામ મંદિરમાં યોજેલ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. યજ્ઞમાં બિરાજમાન સર્વે યજમાનોને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ મૂર્તિઓની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરી, પ્રતિષ્ઠા આરતી અર્પણ કરી, સર્વે દેવ-દેવીઓનાં દર્શન કર્યાં. શ્રીમતી આનંદીબહેન સાથે સૌની વિદાય લઈ ગાંધીનગરમાં જયેશભાઈ જોશી-અંકિતાબહેનના ઘરે પધાર્યા, ત્યાં મંડળના સૌ ભક્તોએ સ્વાગત કર્યાં. સભામાં આશીર્વાદ આપી પરત બ્રહ્મજ્યોતિ પધાર્યા. શ્રી હરિજયંતી નિમિત્તે મંદિરજીના પ્રાંગણમાં યોજેલ સભામાં કીર્તનભક્તિનો આનંદ માણી, સૌએ ભેગાં મળી પ્રભુપ્રાગટ્યની આરતી અર્પણ કરી. ત્યારબાદ ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૭ એપ્રિલ, સોમવાર...** મંદિરજીમાં આરતી દર્શન કરી, ધૂન-પ્રાર્થના કર્યાં. બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજ સ્મૃતિદિને મંદિરજીના પ્રાંગણમાં સાંજે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો. શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદના ડૉ. ભાલેન્દુભાઈ વૈષ્ણવ તેમના દીકરા ડૉ. ઋતમનો એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ થતાં પરિવાર સાથે દર્શને પધાર્યા, તેઓ સૌને આશીર્વાદ આપ્યા. લૉસ ઍન્જલસ-અમૅરિકા પરત પધારતાં જિતુભાઈ-મનીષાબહેનને આશીર્વાદ આપ્યા.

**૮ એપ્રિલ, મંગળવાર...** દર્શનાર્થે પધારેલ સોખડા ગામના સરપંચશ્રી રાજુભાઈને આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં સંધ્યા આરતીનાં દર્શન કર્યાં. નિજ મંદિરજીમાં દર્શન સાથે ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૯ એપ્રિલ, બુધવાર...** સાંજે પ્રૉસ્ટેટની સર્જરી માટે અમદાવાદ જતાં પહેલાં નિજ મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં દર્શનાર્થે પધારેલ સૌ સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપીને, ધૂન-પ્રાર્થના કરીને અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. અમદાવાદ 'ઉપાસના ધામ' મંદિરે પધારી શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શન કરી ભક્તોને દર્શન આપ્યાં. રાત્રે સારવાર માટે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને ડૉ. પાર્થિવભાઈની ઉપસ્થિતિમાં ડૉ. જનકભાઈ દેસાઈની 'સામવેદ હૉસ્પિટલ'માં દાખલ થયા.

**૧૦ એપ્રિલ, ગુરુવાર...** સવારે ધૂન-પ્રાર્થના કરી ડૉ. જનકભાઈ, ડૉ. ભરતભાઈ દવે, ડૉ. પાર્થિવભાઈ, ડૉ. જયેશભાઈ આદિની ઉપસ્થિતિમાં સર્જરીની પ્રૉસેસ થઈ. સર્જરી બાદ ડૉક્ટરોની સૂચના મુજબ બપોરે સ્વાસ્થ્યલાભ માટે સારવાર પ્રાપ્ત કરી. સાંજે શ્રી ગુણાતીત જ્યોતનાં મહંતશ્રી લાડીલાં પ.પૂ. હંસાદીદી-સંત બહેનો સાથે આશીર્વાદ આપવા હૉસ્પિટલ પધાર્યાં.

**૧૧થી ૧૩ એપ્રિલ, શુક્રથી રવિવાર...** સ્વાસ્થ્યલાભ માટે હૉસ્પિટલમાં ડૉક્ટરની સૂચના મુજબ સારવાર પ્રાપ્ત કરી. સૌ સેવક સંતો અને હૉસ્પિટલનાં હેડ નર્સ પૂ. ઈલાબહેન, પૂ. કંચનબહેન (ગુણાતીત જ્યોત), સ્થાનિક ડૉક્ટર્સ અને સમગ્ર સ્ટાફે ખૂબ સુંદર સેવાઓ અર્પણ કરી

૧૪ એપ્રિલ, સોમવાર... ડૉ. જનકભાઈ દેસાઈ અને તેમનાં ધર્મપત્ની ડૉ. શેફાલીબહેનની સેવા બદલ સમગ્ર હૉસ્પિટલના સ્ટાફની ઉપસ્થિતિમાં તેઓનાં સન્માન-અભિવાદન કર્યાં તેમજ ડૉ. જનકભાઈને તેઓના જન્મદિવસની કેક અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે હૉસ્પિટલમાંથી રજા લઈ 'ઉપાસના ધામ' શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શનાર્થે પધાર્યા. શ્રી ઠાકોરજી મહારાજનો તેમજ ધૂન-પ્રાર્થના કરી તે માટે સૌ સંતો-ભક્તોનો હૃદયના ભાવથી આભાર વ્યક્ત કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'ઉપાસના ધામ'થી નરસીદાસ, ચૂનીભાઈ, ધનજીભાઈના ભાવને વશ થઈને બોપલ-'યુનિટી'માં રોકાણ કરવા માટે પધાર્યા.

૧૪થી ૧૭ એપ્રિલ, સોમવારથી ગુરુવાર... ચાર દિવસનાં રોકાણ દરમિયાન 'યુનિટી'માં સૌ પરિવારજનોને સત્સંગ-સમાગમનું સુખ આપ્યું. આ દરમિયાન નિત્ય રાત્રે ડૉ. પાર્થિવભાઈએ સ્વાસ્થ્ય સારવાર માટે પધારી ભક્તિ અર્પણ કરી.

૧૮ એપ્રિલ, શુક્રવાર... સાંજે અમદાવાદ નરસીદાસ અને 'યુનિટી' પરિવારની વિદાય લઈ 'ઉપાસના ધામ' મંદિરે પધાર્યા. શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શન કરી, સૌ ભક્તોને દર્શનનું સુખ આપી, રાત્રે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. મંદિરજીના પ્રાંગણમાં સૌ સંતો-ભક્તોએ સ્વાગતના સુંદર ભાવ અર્પણ કર્યા ત્યારે આતશબાજીના પ્રકાશ અને નાદથી આકાશ ગૂંજી ઊઠ્યું. નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરીને શયન આરતીનો લાભ લીધો. 'અક્ષરમહોલ'માં સ્વાગતસભામાં પધારેલ સૌ સંતો તેમજ સ્થાનિક મંડળના ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું અને તેઓના સફળ ઑપરેશન બદલ સૌ ડૉક્ટર્સની ટીમની સારવાર તેમજ ભક્તોની સુહૃદ પ્રાર્થના બદલ આભાર માન્યો.

૧૯ એપ્રિલ, શનિવાર... તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર 'ઉપાસના' નિવાસસ્થાને સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

૨૦ એપ્રિલ, રવિવાર... મોગરી સ્થિત અનુપમ સ્વજન દશરથભાઈ રાણા અક્ષરધામમાં પધાર્યા હોવાથી તેમનાં પત્ની મીનાબહેન, દીકરા વિકીભાઈ, દીકરી પલકબહેન તથા પરિવારજનોની સ્વસ્થતા માટે પ્રાર્થના કરી, આશીર્વાદ પાઠવીને સાંત્વન આપ્યું. 'ૐ યોગ ગ્રુપ'ના ભક્તોએ દર રવિવારે યજ્ઞશાળામાં થતા યજ્ઞના યજમાન બની ભાગ લીધો. ત્યારબાદ સૌએ 'ઉપાસના'ના પ્રાંગણ 'સામીપ્ય'માં પધારી દર્શન-આશીર્વાદનું સુખ પ્રાપ્ત કર્યું.

૨૧ એપ્રિલ, સોમવાર... દુબઈથી દર્શનાર્થે પધારેલ યોગેશભાઈ દોશી અને તેઓનાં ધર્મપત્નીને આશીર્વાદ પાઠવ્યા.

૨૨ એપ્રિલ, મંગળવાર... 'ઉપાસના' નિવાસસ્થાને સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

૨૩ એપ્રિલ, બુધવાર... 'ઉપાસના' નિવાસસ્થાને સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો તેમજ દર્શનાર્થે પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો.

૨૪ એપ્રિલ, ગુરુવાર... શ્રી ભીખુભાઈ પટેલ (ચૅરમૅનશ્રી, ચારુતર વિદ્યામંડળ), શ્રી નિરંજનભાઈ (કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી), શ્રી ભુરાભાઈ આયર, શ્રી ડી. સી. પટેલ (સંકેત સૅલ્સ) આદિ સૌ ખાસ દર્શનાર્થે પધાર્યા, તેઓને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો.

૨૫ એપ્રિલ, શુક્રવાર... સાંજે મંદિરજીમાં આરતી દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી રાત્રિસભામાં પધારી 'વચનામૃત ગ.મ. ૫૪ સમજાવ્યું અને પૂ. અશ્વિનદાદા ને સંતો મુંબઈ-ખારઘર મંદિરના પાટોત્સવમાં પધારતા હોવાથી તેઓ સૌને આશીર્વાદ પાઠવ્યા.

૨૬ એપ્રિલ, શનિવાર... યુ.એસ.એ.થી પધારેલ દિલીપભાઈ (ગાના) તેમજ જી.એસ.ટી. કમિશ્નર શ્રીમતી મનપ્રીતબહેન કોરને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

૨૭ એપ્રિલ, રવિવાર... મોરબી નિવાસી ભરતભાઈ અમૃતિયા-રંજનબહેનની દીકરી ચિ. ખુશી-ચિ. અત્રેયનાં લગ્નની કંકોતરીનું પૂજન કરી, મૂર્તિ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. તેજસભાઈ-કૃપાબહેન, કૌશલભાઈ-મેધાવીબહેન અને નીલામાસી આદિને સપરિવાર દર્શન-આશીર્વાદ આપ્યાં. સાંજે મંદિરજીમાં આરતી દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી અને 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

૨૮ એપ્રિલ, સોમવાર... સાંજે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી અને રાત્રિસભામાં આશીર્વાદ આપ્યા. મુંબઈ-ખારઘર મંદિરના પાટોત્સવમાં પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોને આશીર્વાદ પાઠવ્યા.

૨૯ એપ્રિલ, મંગળવાર... 'ઉપાસના'માં દર્શનાર્થે પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.

૩૦ એપ્રિલ, બુધવાર... મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં યુ.કે. ધર્મયાત્રાએ પધારતા વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને અનુપમ સ્વજન યોગેન્દ્રભાઈને વિદાયની શુભેચ્છાઓ આપી સભામાં પધારેલ સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. ◆